રવિ કૃષિ મહોત્સવ – ૨૦૧૫ અને મેગા ઈવેન્ટના આગોતરા આયોજન માટે માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં તા. ૧૪-૧૨-૨૦૧૫ ના રોજ ૧૫:30 કલાકે યુનિવર્સિટી ભવનના યાજ્ઞવલ્કય હોલ ખાતે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ:

આ બેઠકમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

| | | |
|---|---|---|
| ૧ | ડૉ. કે. બી. કથીરીયા | સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ આકૃયુ, આણંદ |
| ૨ | ડૉ. પી. પી. પટેલ | વિસ્તરણ શિક્ષણ નિયામક,આકૃયુ, આણંદ |
| 3 | ડૉ. ડી.આર કથીરીયા | નિયામક આઈ.ટી., આચાર્ય, એ આઈ.ટી. કોલેજ,આકૃયુ, આણંદ |
| ૪ | ડૉ. એમ. એન. બ્રહ્મભટ્ટ | કુલ સચિવ,આકૃયુ, આણંદ |
| ૫ | શ્રી બી. એન. ભાલીયા | કાર્યપાલક ઈજનેર, આણંદ |
| ૬ | ડૉ. આર. વી. વ્યાસ | આચાર્ય અને ડીન, આં,કૃષિ વ્યવ, સંસ્થા, આકૃયુ. આણંદ |
| ૭ | ડૉ.કે.પી. પટેલ | આચાર્ય અને ડીન,બી. એ.સી.એ,આકૃયુ. આણંદ |
| ૮ | ડૉ.એ.એમ. ઠાકર | આચાર્ય અને ડીન,વેટરનરી કોલેજ,આકૃયુ, આણંદ |
| ૯ | ડૉ.જે. બી.પ્રજાપતી | આચાર્ય અને ડીન,ડેરી સાયન્સ કોલેજ,આકૃયુ, આણંદ |
| ૧૦ | ડૉ.વી.આર.બોઘરા | સહ વિસ્તરણ શિક્ષણ નિયામક, વિ.શિ.નિ. કચેરી, આકૃયુ. આણંદ |
| ૧૧ | શ્રી.આર.એચ.ગોંડલીયા | હિસાબી અધિકારી, આકૃયુ,આણંદ |
| ૧૨ | ડૉ.આર.એફ.સુતાર | પ્રાધ્યાપક, એફ.પી.ટી.એન્ડ બી.ઈ.. આકૃયુ.આણંદ |
| ૧૩ | ડૉ. ડી. જે. ઘોડાસરા | પ્રાધ્યાપક, વેટરનરી, સાયન્સ કોલેજ, આકૃયુ,આણંદ |
| ૧૪ | ડૉ.એચ.બી.પટેલ | સહ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, વિ.શિ.નિ. ની કચેરી,આકૃયુ, આણંદ |
| ૧૫ | ડૉ. બી.એસ. પટેલ | સહ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, વિ.શિ.નિ. ની કચેરી,આકૃયુ, આણંદ |
| ૧૬ | ડૉ. મહેશ આર. પટેલ | સહ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, ઇઇઆઇ, આકૃયુ, આણંદ |
| ૧૭ | ડૉ. બી.ડી. પટેલ | પ્રસાર શિક્ષણ ભવન, આકૃયુ. આણંદ |
| ૧૮ | ડૉ.વી.પી.રામાણી | સહપ્રાધ્યાપક, માઈક્રોન્યુટ્રીયંટ વિભાગ,આકૃયુ.આણંદ |
| ૧૯ | ડૉ.મુકેશ આર.પટેલ | મદદ. પ્રાધ્યાપક વિ.શિ.નિ.ની કચેરી, આકૃયુ, આણંદ |
| ૨૦ | શ્રી કે.પી.પટેલ | મદદનીશ પ્રાધ્યાપક, ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગ, આકૃયુ,આણંદ |
| ૨૧ | ડૉ.એ.ડી. પટેલ | સંશોધન વૈજ્ઞાનિક (મેડીસનલ અને એરોમેટીક),આકૃયુ,આણંદ |
| ૨૨ | ડૉ.ડી.સી.પટેલ | સહ પ્રાધ્યાપક,પશુપોષણવિભાગ, આકૃયુ.આણંદ |
| ૨૩ | શ્રી.જી. આર.પટેલ | મદદ.પ્રાધ્યાપક, પશુપોષણ વિભાગ, આકૃયુ.આણંદ |
| ૨૪ | શ્રી. પી. એ. ગોહિલ | ફિઝીકલ ઈન્સ્ટ્રક્ટર, બીએસીએ, આકૃયુ, આણંદ |
| ૨૫ | ડૉ.ટી.એમ.ભરપોડા | પ્રાધ્યાપક, એન્ટોમોલોજી વિભાગ, રેક્ટર,બી.એ.સી.એ.,આણંદ |
| ૨૬ | ડૉ. સી.એસ.બાલધીયા | આસી.રેક્ટર, ડેરી સાયન્સ કોલેજ,આકૃયુ.આણંદ |
| ૨૭ | શ્રી સંજય શાહ | સંશોધન નિયામકની કચેરી,આકૃયુ,આણંદ |
| ૨૮ | ડૉ. નીખિલ જોશી | મદદનીશ પ્રાધ્યાપક,ભાષા વિભાગ, બીએસીએ, આકૃયુ.આણંદ |
| ૨૯ | શ્રી કે. સી. કામાણી | મદદનીશ પ્રાધ્યાપક, ડેસાકો, આકૃયુ.આણંદ |
| 30 | ડૉ. ક્લ્પેશ પી.પટેલ | મદદનીશ પ્રાધ્યાપક,આઈ.ટી.આકૃયુ.આણંદ |

| | | |
|---|---|---|
| ૩૧ | ડૉ. મનોજ લુણાગરીયા | મદદનીશ પ્રાધ્યાપક,વિશિનિ, આકૃયુ.આણંદ |
| ૩૨ | ડૉ.એચ.જી.ભટ્ટ | સહ પ્રાધ્યાપક,એફ. પી. ટી. એન્ડ બીઈ,આકૃયુ, આણંદ |

બેઠકની શરૂઆતમાં ડૉ. પી.પી. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ હાજર રહેલ સભ્યોને આવકારી અગાઉ રવિ કૃષિ મહોત્સવ – ૨૦૧૫ જે મુલત્વી રહ્યો હતો તે હવે રાજ્ય સરકારશ્રીના આદેશ પ્રમાણે તા. ૩૧-૧૨-૨૦૧૫ થી ૦૪-૦૧-૨૦૧૬ એમ પાંચ દિવસ માટે યોજવાનું નક્કી થયેલ છે તેમ જણાવ્યું હતું. મધ્ય ગુજરાતના ૬૭ તાલુકાઓમાં રોજના બે કાર્યક્રમોનું આયોજન થશે અને તે પ્રમાણે વૈજ્ઞાનિકોની ટીમે ખેડૂતોને માર્ગદર્શન આપવાનું રહેશે. સાથે સાથે આ તારીખો દરમ્યાન તા. ૦૨-૦૧-૨૦૧૬ ના રોજ દાહોદ જીલ્લાના આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીયા ખાતે મેગા ઈવેન્ટનું આયોજન કરવા સરકારશ્રીને દરખાસ્ત કરેલ છે, જે ફેરફારને આધિન છે. સમય ઘણો ઓછો છે છતા અસરકારક રીતે કાર્યક્રમ યોજાય તે માટે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ત્યાર બાદ માન. કુલપતિશ્રીએ જણાવ્યું હતુ કે આદિવાસી વિસ્તારમાં દાહોદ જીલ્લાના દેવગઢ બારીયા ખાતે મેગા ઈવેન્ટના આયોજન માટે રાજ્ય સરકારશ્રીને મંજૂરી માટે પત્ર પાઠવવામાં આવેલ છે. કાર્યક્રમના ફેરફારની શક્યતા નહિવત્ત છે પરંતુ તેનું કન્ફર્મેશન એકાદ બે દિવસમાં મળશે. દાહોદ જીલ્લાના કલેકટરશ્રી અને તેમની ટીમે આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીયાની મુલાકાત પણ લીધેલ છે.

રવિ સીઝન શરૂ થઈ ગઈ છે પરંતુ રવિ સીઝન દરમ્યાન થતા પાકોના ખાસ મુદ્દાઓ ખેડૂતો પાસે મૂકવાના છે, અને તેની નવીનત્તમ માહિતી આપવાની છે. આ વિસ્તારમાં સજીવ ખેતી, મૂલ્યવર્ધન, બાયોફર્ટીલાઈઝર, ગૃહ ઉદ્યોગ, ન્યુટ્રીશનલ સીક્યુરીટી વગેરે બાબતો ઉપર વૈજ્ઞાનિકોએ ખાસ ભાર મુકી તે બાબતની માહિતી ચાર્ટસ તેમજ કૃષિ ગોષ્ઠી રૂપે ખેડૂતોને આપવા અનુરોધ કર્યો હતો.

ઉપરાંત આ વિસ્તારમાં શરૂ કરાયેલ મશરૂમની ખેતી, તેનું બિયારણ, માર્કેટીંગ વગેરે બાબતો ઉપર પણ લક્ષ્ય આપવા વૈજ્ઞાનિકોને સલાહ આપી હતી જેથી ખેડૂતોને વધુ કમાણી થઈ શકે.

ત્યાર બાદ ડૉ. એચ. બી. પટેલ, વિસ્તરણ શિક્ષણશાસ્ત્રીએ રવિ કૃષિ મહોત્સવ -૨૦૧૫ અને મેગા ઈવેન્ટના આયોજન બાબતની પૂર્વ તૈયારી માટેનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કર્યુ હતુ. જેમાં પ્રથમ ડૉ. ગીરીશ. જે. પટેલ, યુનિટ અધિકારી, આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, દેવગઢ બારીયાએ સ્થળ વિશે ફોટોગ્રાફ્સથી વિસ્તૃત માહિતી રજુ કરી હતી અને ત્યાર બાદ સમિતિવાઈઝ ક્રમ પ્રમાણે મુદ્દાઓ વિષે નીચે પ્રમાણેના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

<u>રવિ કૃષિ મહોત્સવ - ૨૦૧૫:</u>

(૧) રવિ કૃષિ મહોત્સવ – ૨૦૧૫ માટે મધ્ય ગુજરાતના ૬૭ તાલુકાઓમાં જે માર્ગદર્શિકા મુજબ મોડલ કાર્યક્રમનું આયોજન થયેલ છે તેમાં યુનિવર્સિટી દ્વારા ત્રણ વૈજ્ઞાનિકોની ખાસ ટીમ (કૃષિ,

પશુપાલન, બાગાયત) તથા એક સહાયક એમ કુલ ચાર સભ્યોની ટીમ ખેડૂતોને માર્ગદર્શન આપવા માટે કુલ ૨૧ ટીમો બનાવવામાં આવી છે. અને આ માટેનો કાર્યાલય આદેશ યુનિવર્સિટીની વેબસાઈટ પર અપલોડ કરી દેવાયો છે.

(૨) તાલુકા દીઠ કાર્યક્રમોમાં યુનિવર્સિટીને એક સ્ટોલ ફાળવવામાં આવેલ છે. જેમાં અગાઉના રવિ કૃષિ મહોત્સવ -૧૪ દરમ્યાન બનાવેલ રોલર ચાર્ટસ ઉપયોગમા લેવા. જરૂર જણાય તો માહિતી ફેરફાર કરી નવા ચાર્ટસ બનાવવા અને એક જ જીલ્લાના બે તાલુકામાં જે તે પાક આધારીત ચાર્ટસ સ્ટોલમાં ગોઠવવા.

**(અમલ: નોડલ વૈજ્ઞાનિક અને ટીમ, મધ્ય ગુજરાતના તમામ જીલ્લાઓ)**

મેગા ઈવેન્ટ:

(૧) મેગા ઈવેન્ટના ટેન્ડર બાબત ડૉ. પી.પી. પટેલ અને ડૉ. વી.આર. બોધરા તા. ૧૪-૧૨-૨૦૧૫ના રોજ ગાંધીનગર ખાતે અગ્ર સચિવ (કૃષિ) અને મેનેજીંગ ડાયરેકટર, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કો.લી. ગાંધી નગર ને રૂબરૂમાં મળ્યા હતા અને ગુએઈકોલી દ્વારા બહાર પાડવામાં આવેલ ઈ-ટેન્ડરથી પસંદ થયેલ ફાઈનાન્સીયલ બીડ આપવા સંદર્ભે આ બીડ તા. ૧૫-૧૨-૨૦૧૫ સાંજ સુધીમાં ગુએઈકોલી મોકલશે તેવુ જણાવેલ હતું. આ સંદર્ભે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી મેગા ઈવેન્ટ નિર્ણાયક સમિતીની બેઠક બોલાવશે અને નવુ ટેન્ડર તથા વર્ષ ૨૦૧૫ના ખરીફ મેગા ઈવેન્ટના ટેન્ડરના ભાવો અંગેની સરખામણી કરી પાર્ટીને ઓર્ડર આપવા કાર્યવાહી કરશે.

**(અમલ: વિસ્તરણ શિક્ષણ નિયામક અને સહ વિસ્તરણ શિક્ષણ નિયામક)**

(૪) કૃષિ પ્રદર્શન માટે બે કે ત્રણ ડોમમાં ૬૦-૯૦ જેટલા સ્ટોલોનું આયોજન કરવું અને થીમ પેવેલીયનમાં આ આદિવાસી વિસ્તારને લગતા મુદ્દાઓ જેવા કે બાયોફર્ટીલાઈઝર, ઓર્ગેનીક ફાર્મીંગ, નાના ગૃહ ઉદ્યોગ, મૂલ્યવર્ધન, ફાર્મ યાંત્રીકરણ, રાસાયણિક ખાતર + માઈક્રોન્યુટ્રીયન્ટ, મકાઈ પાક, પશુપાલન (મીનરલ મીક્ષર), પોલ્ટ્રી વિશે નવીનત્તમ અને ખેડૂતોએ અપનાવેલ ટેકનોલોજી અને સફળ વાર્તાઓ પ્રદર્શિત થાય તે પ્રમાણે આયોજન કરવુ.

**(અમલ: ડૉ. આર.વી.વ્યાસ, ડૉ. મહેશ.વી. પટેલ, ડૉ. આર. એફ. સુથાર, ડૉ. ગીરીશ. જે. પટેલ, ડૉ. ખાનોરકર, ડૉ. કે.એચ. પટેલ, ડૉ. એમ.એલ. ગોર, ડૉ. વી.પી.રામાણી, ડૉ. જે.બી.પ્રજાપતિ)**

(૫) મેગા ઈવેન્ટના સ્ટેજનું બેક ડ્રોપ ખૂબ જ અસરકારક અને ધ્યાનાકર્ષિત બને તે પ્રમાણે અગાઉથી જ આ પ્લાનીંગ કરવુ. માન. કુલપતિશ્રીએ સૂચવેલ બાબતો ધ્યાને લેવી.

**(અમલ: ડૉ. આર.એફ. સુથાર, અધ્યક્ષ, સ્ટેજ સમિતિ)**

(૬) કૃષિ સાહિત્ય બાબતે રવિ કૃષિ પાકોને લગતા સાહિત્યની બુકલેટ, અન્ય ઉપલબ્ધ સાહિત્ય ખેડૂતોને (ગામ દીઠ કૃષિ લાયબ્રેરી) તથા કપાસમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ રોકવાના ઉપાયો પર એક ડીવીડી તથા નેમેટોડઝ ઉપર એક ડીવીડી સેટ તૈયાર કરવી અને જે તે પુસ્તકોનું વિમોચન માન.

મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે કરવાનં થતુ હોઈ તે પુસ્તકોની ૨૫ નંગની સંખ્યામાં વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીએ અથવા કન્વીનર, સ્ટેજ સમિતિને સમયસર પહોચાડવા.

**(અમલ: ડૉ.એન.વી.સોની, ડૉ.પી.કે. બોરડ, (એન્ટોમોલોજી), ડૉ. બી. એ. પટેલ, (નેમેટોલોજી)**

(૭) મહાનુભાવોની સ્પીચ માટે આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ ટેકલોલોજી અને તેના લાભાર્થી ખેડૂતોના પ્રતિભાવ/સફળતા/લાભ વગેરે માન. મુખ્યમંત્રીશ્રી તેમજ યથા યોગ્ય માન. મંત્રીશ્રીઓની સ્પીચમાં અવશ્ય વણી લેવા જેથી તેની જાહેરાતથી ખેડૂતોના બહોળા સમુદાયને જાણ અને ફાયદો થાય.

**(અમલ: ડૉ. એમ.વી.કોરાટ, અધ્યક્ષ, સ્પીચ પીપરેશન સમિતિ)**

અંતે ડૉ. પી.પી. પટેલ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ સૂચન કરેલ કે એસ.ટી બસો દાહોદ જીલ્લાના નજીકના જીલ્લા જેવા કે દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર અને મહિસાગર જીલ્લા પુરતી જ મર્યાદિત રાખવી જેથી ખેડૂતો મોટી સંખ્યામાં સમયસર લાવી શકાય. આ સૂચન માન. કુલપતિશ્રીએ જીલ્લા કલેકટરશ્રી સાથેની મીટીંગમાં ચર્ચવું તેમ જણાવ્યુ.

અંતે બધા જ સભ્યોનો આભાર માની બેઠકને પૂર્ણ જાહેર કરવામાં આવી.

15/12/15

વિસ્તરણ શિક્ષણ નિયામક

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**

માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ

**નકલ સવિનય ઘટતું તથા જરૂરી કાર્યવાહી સારૂ:**

(૧) અધ્યક્ષશ્રી, સર્વ મેગા ઈવેન્ટ સમિતિઓ તરફ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ.

(૨) નિયામકશ્રી, આઈ.ટી તરફ કાર્યવાહી નોંધ સરક્યુલર વિભાગમાં અપલોડ કરવા સારૂ.

(૩) કાર્યવાહી નોંધ માં દર્શાવેલ તમામ અધિકારી/કર્મચારીઓ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.